(૧)

સુધારા ઠરાવ

સ્વરોજગારીના હેતુ- પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના

વર્ષ ૨૦૧૯-૨૦
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક............
24 FEB 2020
10773
શાખા............

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૯/૧૨૯૫/પી.૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૨૦/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા:-**

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: સીડીએસ/૧૩૨૦૧૮/૧૫૭૪/પી.૧, તા.૦૯/૦૪/૨૦૧૯

૨. પશુપાલન નિયામકની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પધન/ગસક/૧/૭/૨૦૨૦, તા.૦૩/૦૨/૨૦૨૦

**સુધારા ઠરાવ :-**

વંચાણે લીધા(૧) હેઠળના આ વિભાગના ઠરાવથી સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપના માટે સહાયની ચાલુ યોજનાને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધા(૨) હેઠળના પશુપાલન નિયામકની કચેરીના તા.૦૩/૦૨/૨૦૨૦ના પત્રથી ઉક્ત ચાલુ યોજનાના ઠરાવની બોલીઓ અને શરતોમાં સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની સહાયની યોજનામાં પશુપાલન સાથે સંકળાયેલ તથા નિયમોનુસાર નોંધાયેલ સ્વસહાય જૂથ/ સખીમંડળનો લાભાર્થી તરીકે સમાવેશ કરવા દરખાસ્ત કરેલ. આ દરખાસ્તને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની સહાયની યોજનાના ઠરાવની બોલીઓ અને શરતોમાં પશુપાલન સાથે સંકળાયેલ તથા નિયમોનુસાર નોંધાયેલ સ્વસહાય જૂથ/ સખીમંડળનો લાભાર્થી તરીકે સમાવેશ કરવામાં આવે છે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રી ની તા.૧૭/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

(વી.પી.ચાવડા)
સેક્શન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પ.પા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ.પા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ) કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પશુપાલનની કચેરી, કૃષિભવન, ગાંધીનગર.
- ઉપમહાલેખાકારશ્રી(ES-૧), એકાઉન્ટ જનરલ(E&RS Audit), અમદાવાદ, ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટ જનરલશ્રી(એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી.સેલ), કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર. તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- સંબંધિત જીલ્લા પંચાયતો(મારફતે પશુપાલન નિયામક)
- સંબંધિત જીલ્લા તિજોરી કચેરીઓ તમામ
- કૃષિ ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ, આયોજન શાખા
- પસંદગી ફાઇલ